# शील श्रुतम्

सरदार पटेल विश्वविद्यालयनुं मासिक वृत्तपत्र

वर्षः २४ अंकः २ नवेम्बर २०१३ कारतक २०७० सळंग अंकः २४२

संपादको : परम पाठक + मदनमोहन शर्मा + निरंजन पटेल + उज्ज्वल त्रिवेदी + मनीष सोलंकी + राजु राठोड + ઝेड. ए. सिपोय


## सम्पादकीय

### शिक्षा का उदात्त अभिगम

समूचे विश्व में शिक्षा-दीक्षा कार्य को एक आदर्श मानवीय मूल्य के रूप में स्वीकार किया जाता रहा है । प्राचीन काल से लेकर आज तक यह मान्यता प्रबल रही है कि शिक्षण-प्रशिक्षण का कार्यक्षेत्र अपने आप में उदात्त है और उसके अपने कुछ आदर्श हैं जिनका सरोकार सीधे-सीधे लोकहित से है । शिक्षण-संस्थानों के अलावा इस क्षेत्र में जो महत्वपूर्ण पक्ष हैं वे हैं - शिक्षक और विद्यार्थी । घर परिवार से मिले हुए प्राथमिक और शैशवकालीन बोध का अगला चरण शिक्षा-दीक्षा-संस्थानों में प्रारंभ होता है तथा विद्यार्थी को जीवन-निर्वाह एवं जीवन के दायित्वों को सुचारु रूप से निभाने के लिए गढ़ा जाता है । इन दोनों ही पक्षों के अपने कुछ विशिष्ट आदर्श हैं जिनके बलबूते पर ही शिक्षा का क्षेत्र एक उदात्त जीवन-मूल्य से जुड़ता है । मध्यकाल के जाने-माने संत कवियों तथा साहित्यसर्जकों ने भी इस तथ्य पर मुहर लगाई है । संत कबीर ने शिक्षक और विद्यार्थी यानी कि गुरू और शिष्य को लेकर स्पष्ट किया है कि उनके बीच कुंभकार और घट जैसा आत्मिक सम्बन्ध आवश्यक है । जिस प्रकार कच्ची मिट्टी से किसी घड़े का निर्माण करने वाला कुंभकार घड़े को बाहर से सख्त बनाता है तथा अन्दर से सहारा भी देता है वैसे ही गुरू और शिष्य के बीच का आत्मिक क्रिया-व्यापार होता है । यही कारण है कि शिक्षार्थी को सही मार्ग पर ले जाने के लिए एक तरफ सम्यक् बोध की आवश्यकता पड़ती है तो दूसरी और उसके ऐसे गुणों का विकास करना होता है जो घड़े के शीतल जल की तरह लोकहितकारी हों । उपर से देखने पर यह एक सामान्य सी बात लगती है परन्तु उसका सरोकार मानवजीवन के उदात्त ध्येयों के साथ जुड़ता है । माता-पिता, परिवार के सानिध्य के बाद इस ध्येय की प्राप्ति और पूर्ति केवल शिक्षा-संस्थाओं के जरिए ही जा सकती है । एक और रचनाकार रहीम ने इसी तरह का विधान बड़े और छोटे को लेकर किया है । रहीम स्पष्ट करते हैं कि 'क्षमा बड़ेन को चाहिए, छोटे को उत्पात ।' कहने का आशय यह हैं कि छोटों से गल्तियाँ नहीं होंगी, यह मानकर चलना ठीक नहीं है । छोटों से उत्पात यानि किसी भी विसंगति की संभावना बरकरार रहेगी परन्तु बड़ों का कर्तव्य और दायित्व यही है कि वे क्षमादान करें । गलतियों को सुधारने का बोध कराना तथा क्षमा करना महानता की एक बड़ी निशानी है । यही कारण है कि रहीम ने उदात्त जीवन जीने के लिए समझदार (बड़े) को क्षमाशीलता अपनाने की सलाह दी है । उनके यहाँ यह भी कहा गया है कि बड़े होने का मतलब भौतिक उच्चता नहीं है बल्कि गुणलक्षी महानता है जिसमें अहं का त्याग परम आवश्यक है । वे कहते हैं कि 'बड़ा हुआ तो क्या हुआ जैसे पेड़ खजूर । पंछी को छाया नहीं फल लागै अति दूर ।' कहने का आशय है कि बड़ा और ऊँचा तो खजूर का पेड़ भी होता है लेकिन उससे छाया-लाभ नहीं मिलता और उसका फल पाना भी आसान काम नहीं है । जीवन की यह छोटी छोटी बाते हैं जिनसे शिक्षा-दीक्षा के दौरान बड़े से बड़ा बोध होता है । वही बड़ा है जिसे अपने बड़े होने का घमंड न हो । शिक्षा के क्षेत्र में इस तरह की विचारधारा से शिक्षार्थी को अवगत कराना तथा उस राह ले जाना एक ऐसा उपक्रम है जो शिक्षा के ध्येय को निरन्तर महान बनाता चलता है । इसके अलावा स्वनिर्भर होना, उसके लिए कर्म करना भी जीवन के पुरुषार्थों में शामिल है जिसे शिक्षा-दीक्षा के जरिए एक पीढ़ी से दूसरी पीढ़ी तक पहुँचाया जा सकता है । स्वनिर्भरता का बोध कर्मशील होने की प्रेरणा देता है तो अहं का त्याग व्यक्तित्व की विराटता को दर्शाता है । कुल मिलाकर सद्विवेक उत्पन्न करने की दिशा में लगातार प्रयासरत रहना अपने आप में एक शुभकर्म है जिसका बोध भी मानव मात्र को होना चाहिए । भारतीय शिक्षा प्रणाली में निरहंकार, करुणा, क्षमा, सहिष्णुता, अहिंसा, त्याग, परोपकार जैसे मूल्यों का स्थान पहले से ही रहा है और आगे भी रहेगा । शिक्षा-दीक्षा के महान उद्देश्य की परख भी इसीसे होती है कि शिक्षित-दीक्षित ने जीवन-आदर्शों को किस सीमा तक अपनाया है और किस हद तक उनको समाज तक पहुँचाया है । यही शिक्षा का उदात्त अभिगम है ।

**- मदनमोहन शर्मा**

## Teaching - Learning

- **The Post Graduate Department of Economics** organised the Annual "H.M. Patel Memorial Elocution Competition" on Tuesday, August 13, 2013. The event was sponsored with a grant from Charutar Vidya Mandal. The topic for the elocution was chosen as, "The impact of commercialisation of sports in India" which is in accordance with the broad areas of interest of Shri H.M. Patel, the late distinguished Chairman of Charutar Vidya Mandal.

At the outset, Dr. (Mrs.) Sonal Bhatt, the coordinator of the programme, gave a brief outline of the illustrious career of Shri H.M. Patel and his association with Vallabh Vidyanagar to the participants. Thereafter, Prof. D.J. Chauhan welcomed the gathering and introduced the judges.

Twenty seven students from different affiliated colleges and Post Graduate Departments of Sardar Patel University participated in the event. The fact that young students have definite ideas and vision on this very significant issue facing India today is certainly a cause of delight for us, the academic fraternity.

Dr. Laksh Yagnik from the Department of Psychology, Dr. Madan Mohan Sharma from the Department of Hindi and Dr. Ila Macwan from Department of Sociology of the Sadar Patel University were the judges for the event. Mr. Karan Vora from Institute of Language Studies and Applied Social Sciences, Vallabh Vidyanagar won the First Prize, while the Second Prize was bagged by Ms. Diksha Rani, a student of the D.N. Institute of Computer Applications, Anand. The Third Prize was secured by Ms. Aditi Saxena from N.V. Patel College of Pure and Applied Sciences, Vallabh Vidyanagar.

At the end, Dr. Laksh Yagnik summed up by presenting his views on the subject, announced the names of the prize winners and the esteemed judges gave away the prizes. Finally, Dr. (Mrs.) Sonal Bhatt, who was the co-ordinator and compere of the event, proposed a vote of thanks. Thus, the annual event was a great success.

- **Dr. Raju M. Rathod** (Associate Professor, MBA Department) has presented paper titled "Indian Diaspora: Strategic Management Perspective" at International Seminar organized by Diaspora Study Centre, P.G. Department of Sociology, Sardar Patel University, 17-18 September.

- **Dr. Raju M. Rathod** has evaluated various HR based contests as one of the judges organized by PSG Institute of Management, Coimbatore (Tamil Nadu) under Human Resource Conclave "Samyog" (Inter Management Institutes Competition), 10th August 2013.

- **Dr. Raju M. Rathod** has delivered expert talk at K.S.R. Poly-Technical Collge, Tiruchengode, Periyar Institute of Management, Periyar University, Salem, Enhanced Academy Coimbatore Branch, Sengunthat Engineering College, Tiruchengode,Tamil Nadu, 10-13 August Versus Practice, Catch Your Customers, Effective Teaching through Non-Lecture Methods.

**Dr. Raju M. Rathod** has delivered lecture on "New Trends in Training" to members of Indian Society for Training and Development, Jaipur Branch, J. K. Lakshmipat University, Jaipur on 12th June 2013.

- **Prof. (Dr) Sandip K. Bhatt**, Department of Business Studies has participated in the U.G.C. sponsored National Seminar on, "Changing Dimensions in Higher Education - An Issue in context with Changing in Environment". He has contributed as a Chairperson of Technical Session at M.K.H.S. Gujarati Girls College, Indore on, 24th-25th September, 2013.

- **Dharmesh P Raykundaiya**, Assistant Professor **received Best Research Paper Presentation Award** for presenting paper entitled "Modified maximum Likelihood Estimation of Parameters in the Log-Logistic Distribution under Progressive Type II Censored Data with Binomial Removals" in National Conference on "Statistics for Research and Development" organized by Gujarat Statistical Association (GSA) and GLS (MR Parikh) Institute of Commerce, Ahmedabad on 12 October 2013.

- **સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે ત્રિદિવસીય રાજ્યકક્ષાનો વર્કશોપ યોજાયો. તા. ૮, ૯ અને ૧૦મી સપ્ટેમ્બર - ૨૦૧૩ દિવસોમાં યોજાયેલ આ વર્કશોપમાં રાજ્યની વિવિધ કોલેજોમાંથી તેમજ સ્થાનિક ૧૩૦થી વધુ અભ્યાસુઓ જોડાયા હતા. આ વર્કશોપ** Knowledge Consortium of Gujarat

(KCG)ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. ત્રણેય દિવસ ભાગ લેનાર પ્રાધ્યાપકોને Minor Research Projectથી માહિતગાર કરી પ્રોજેક્ટ માટેનો પ્રસ્તાવ તૈયાર કરવા માટેની તાલીમ આપવામાં આવી હતી. ૧૩ વિવિધ વિષયોના તજજ્ઞોએ પ્રાધ્યાપકોને MRPથી સંપૂર્ણપણે માહિતગાર કર્યા હતા.

KCG Research & Innovationsના Director ડૉ. વેદાંત પંડ્યાએ અતિથી વિશેષનું સ્થાન શોભાવી KCGની કામગીરી અને ઉચ્ચશિક્ષણનાં સ્તરે KCGનો સંશોધનની પ્રક્રિયામાં રહેલાં યોગદાન અંગેની વિસ્તૃત માહિતી પ્રદાન કરી.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન વર્કશોપ કો-ઓર્ડિનેટર ડૉ. સજના પિલ્લાઇ અને વર્કશોપ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરીઝ પ્રો. દિપેશ શાહ તેમજ પ્રો. અશોક ગોર દ્વારા કરવામાં આવ્યું હતું.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગ, વલ્લભ વિદ્યાનગરમાં જુલાઇ-ઓગસ્ટ માસમાં સાહિત્યિક કાર્યક્રમો યોજાઇ ગયા.

પ્રથમ દિવસે કવિ કાન્તના સાહિત્યિક પ્રદાન સંદર્ભે કાર્યક્રમ યોજાયો. જેમાં સેમી-૧ના વિદ્યાર્થીઓએ કવિ કાન્તના કાવ્યો, ખંડકાવ્યોનું પઠન કર્યું, તેમના જીવન-કવન પર પ્રકાશ પાડ્યો.

તા. ૩૧-૭-૧૩ના બુધવારે આધુનિક વાર્તા સંદર્ભે ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં પાંચ વાર્તાઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી.

આ ચર્ચાસભામાં વિભાગના સેમી-૧,૩, એમ.ફીલ અને પીએચ.ડી. (રિસર્ચ ફેલો)ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા. ૧-૮-૧૩ને ગુરૂવારે 'સાહિત્યિક પ્રશ્નોત્તરી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિભાગના વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધાનું આયોજન પ્રા. સુધાબેન રાઠવાએ કર્યું હતું.

અંતિમ દિવસે વિદ્યાર્થીઓએ નિરંજન ભગતના કાવ્યોનો પાર ગાન પ્રસ્તુત કર્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદમાં આઇ.સી.એસ.એસ.આર. અનુદાનિત દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો.

'ટુવર્ડસ પ્રેક્ટિસીસ ઑફ ટીચર એજ્યુકેશન' વિષય પર યોજાયેલ આ સેમિનારમાં બી.એડ્.ના અમલીકરણને શાળા, સમાજ અને સરકાર સાથે સંબંધનાં સંદર્ભમાં વિદ્વાનો તથા સહભાગીઓ દ્વારા વિવિધ ચર્ચા-વિચારણા થઇ હતી.

આ પરિસંવાદના ઉદ્‌ઘાટનમાં અધ્યક્ષ તરીકે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદના પ્રમુખ અને મંત્રી શ્રી ભીખુભાઇ એન. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. હરીશ પાઢ સાથે મહેમાનો તરીકે ડૉ. મહેશચન્દ્ર યાજ્ઞિક, શિક્ષણ વિભાગનાં ડીન; ડૉ. સુલભા નટરાજ તથા શ્રી રોહિત શુક્લા ઉપસ્થિત રહ્યા હતા.

પરિસંવાદમાં ડૉ. સુલભા નટરાજ, શ્રી રોહિત શુક્લા, ડૉ. વિજય સેવક અને ડૉ. પ્રશાંત પરિહારે પરિસંવાદના વિષયના સંદર્ભમાં તજજ્ઞનીય વ્યાખ્યાનો રજૂ કર્યાં હતાં. પેનલ ચર્ચાના ચેરપર્સન પ્રો. રમેશચંદ્ર કોઠારી અને પેનલ ચર્ચાના સભ્યો ડૉ. મહેન્દ્રભાઇ ચોટલીયા અને ડૉ. ભરત જોશીએ સહભાગીઓ સાથે વાર્તાલાપ કર્યા હતા.

આ સેમિનારમાં પેપર પ્રેઝન્ટેશનને વિવિધ ચાર સેશનમાં વહેંચી દેવામાં આવ્યાં હતાં, જેમાં ચેરપર્સન તરીકે ડૉ. વર્મલા ટી. ભમ્વરી, ડૉ. નુસરત કાદરી, ડૉ. નાથુભાઇ પટેલ, ડૉ. રમેશભાઇ પંડ્યા અને ડૉ. અનિલભાઇ કાછિયાએ સેવા આપી હતી. તેમની સાથે રિપોર્ટર તરીકે ડૉ. દિપ્તીબેન ત્રિવેદી, ડૉ. જીતેન્દ્રભાઇ પટેલ, ડૉ. કમલનયન પરમાર, ડૉ. વી.વી. બારૈયા અને ડૉ. અભીપ્સા યાજ્ઞિકે સેવા આપી હતી. આ સેમિનારમાં ૧૮૪ પ્રાધ્યાપકો, રિસર્ચ સ્કોલરો અને તાલીમાર્થીઓ સહભાગી થયા હતા, જેમના દ્વારા કુલ ૬૧ પેપરો રજૂ થયાં હતાં. દરેક પેપરને રજૂ કરવાનો તથા તેના સંદર્ભમાં ચર્ચા માટે અવકાશ અપાયો હતો.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદના એકાઉન્ટન્સી વિભાગ દ્વારા ICAIના આણંદ બ્રાન્ચનાં WIRCના સહયોગથી "Presentation of Company Final Accounts (Revised Schedule VI)" વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢના અતિથિ વિશેષ પદે તથા સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત મંત્રીશ્રી રમેશભાઇ પટેલના પ્રમુખપદે કાર્યશાળા યોજાઇ હતી.

આ વર્કશોપના મુખ્ય વક્તાઓ ચાર્ટડ એકાઉન્ટન્ટસ શ્રી રવિ શાહ અને શ્રી સંજય પટેલ હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજના એસોસીએટ પ્રોફેસર ડૉ. કિરીટભાઇ વી. સોલંકીના પીએચ.ડી. મહાનિબંધ ''એન ઇમ્પીરીકલ સ્ટડી ઑફ ધી ફાઇનાન્સીયલ પરફોર્મન્સ ઑફ સિલેક્ટેડ રીફાઇનરીઝ ઑફ ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લી. ઇન ઇન્ડિયા''ને સરદાર પટેલ યુનિવર્સિટીએ યુ.જી.સી.ની આર્થિક સહાયથી આ પ્રકાશન કર્યું છે.

- સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના પાલી-પ્રકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગ દ્વારા તાજેતરમાં તા. ૧૯-૨૦ ઓક્ટોબર એમ બે દિવસના ''સંસ્કૃત કવિતા'' વિષયક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદની ઉદ્‌ઘાટન બેઠકમાં અધ્યક્ષ તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફેસર ડૉ. હરીશ પાઢ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રોફેસર પાઢે અધ્યક્ષીય વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે બધી જ વિદ્યાશાખાઓ જેવી કે કેમેસ્ટ્રી, ફીઝીક્સ, વનસ્પતિશાસ્ત્ર, આયુર્વેદ, ભૂગોળ વગેરેનાં મૂળ સંસ્કૃત ભાષામાં જોવા મળે છે. આથી સંસ્કૃત ભાષા વિશ્વની સર્વ ભાષાઓમાં શ્રેષ્ઠ છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા વેદ-પુરાણ કે કાલિદાસ પૂરતી સિમિત ન રહેવી જોઇએ પણ આધુનિક સમયની સાથે સંકલન સાધી, દેશના સાંપ્રત પ્રવાહોને લક્ષ્યમાં રાખી તેનું સર્જન થતું રહેવું જોઇએ.

પ્રોફેસર કેદારનારાયણ જોશીએ પ્રશિષ્ટ સંસ્કૃત કવિતા વિશે વાત કરતાં વાલ્મીકિ-વ્યાસ જેવા કવિઓથી શરૂ થયેલી કવિતા પછીના કવિઓ કાલિદાસ, ભાસ, ભવભૂતિ વગેરેમાં કેવી ચમત્કૃતિ સર્જે છે તે વિવિધ ઉદાહરણો આપી સમજાવ્યું હતું. ઉદ્‌ઘાટન સત્રની બેઠકમાં ઉપસ્થિત અન્ય વિદ્વાનો પ્રોફેસર વિજય પંડ્યા, પ્રોફેસર રશ્મિકાન્ત મહેતા, પ્રોફેસર જયપ્રકાશ નારાયણ દ્વિવેદી, પ્રોફેસર હર્ષદેવ માધવ વગેરેએ પણ સંસ્કૃત કવિતા ક્ષેત્રની વ્યાપકતા તથા વિવિધતા વિશે વાત કરીને સંસ્કૃત સુભાષિતો કે આધુનિક હાઇકુ જેવા નાના પદ્યોમાં પણ અભિવ્યક્તિની કેટલી ક્ષમતા રહેલી હોય છે તે વિવિધ ઉદાહરણો આપી જણાવ્યું હતું.

સંસ્કૃત ભાષાનું આધુનિક સમયમાં મહત્ત્વ અને ઉપયોગિતા જણાવી કરુણામાંથી ઉદ્‌ભવતી કવિતા અંતે શૃંગારમાં પરિણમે છે અને વાચકને આનંદની અનુભૂતિ કરાવે છે તેનો નિર્દેશ કરી આ સંસ્કૃત કવિતા કેવી રીતે વૈશ્વિક ફલક પર કવિતાનું સ્થાન પામે છે તે સ્પષ્ટ કર્યું હતું.

પ્રો. રવીન્દ્ર પંડાએ આધુનિક કવિતાનું સ્વરૂપ વૈવિધ્ય અને પ્રયોગશીલતા વિશે કવિતા પાઠ દ્વારા રસાસ્વાદ કરાવ્યો હતો. પ્રો. સત્યપ્રકાશ દુબેજીએ આધુનિક સંસ્કૃત કવિતાનું સ્વરૂપ છેક છેવાડાના માનવી સુધી પહોંચ્યું છે એમ જણાવી હવે માત્ર કવિતા માત્ર કોઇ ચોકઠામાં બંધાતી નથી તેનું ક્ષેત્ર તો ઘણું વ્યાપક છે તેવો મત વ્યક્ત કર્યો હતો.

આ પરિસંવાદમાં ઉજ્જૈન, જોધપુર, વડોદરા, રાજકોટ, અમદાવાદ વગેરેની સ્થળોની યુનિવર્સિટીઓમાંથી દસ જેટલા તજ્જ્ઞ પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા. શોધપત્ર વાંચનની બેઠકમાં ૩૦ જેટલાં શોધપત્રોનું વાંચન થયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. નિરંજન પટેલે પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરીને મહેમાનોનું સ્વાગત કર્યું હતું, તથા મહેમાનોનો પરિચય વિભાગના અધ્યાપક ડૉ. પ્રફુલ્લ જોશીએ આપ્યો હતો.

સમાપન સત્રમાં વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી પ્રો. એચ.પી. ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આધુનિક પરિપ્રેક્ષ્યમાં સંસ્કૃતની અર્થશાસ્ત્ર સાથેની પ્રસ્તુતતા ઉદાહરણ આપીને સ્પષ્ટ કરી હતી. આ ઉપરાંત જુદી જુદી જગ્યાએથી પધારેલ પ્રતિભાગીઓએ તથા વિભાગના કેટલાક વિદ્યાર્થીઓએ સેમિનાર અંગેના સમગ્રલક્ષી પ્રતિભાવો આપતાં જણાવ્યું હતું કે, આ પ્રકારના પરિસંવાદનું આયોજન કરવાથી વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક પ્રતિભા ખીલે છે અને નવા અધ્યાપકોને સંશોધન, વાંચન-લેખન માટે પ્રેરણા પૂરી પાડે છે.

કાર્યક્રમના અંતે વિભાગના અધ્યાપક ડૉ. મહેશ પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન વિભાગના અધ્યાપક ડૉ. પ્રફુલ્લ જોશીએ કર્યું હતું.

## Extension

- અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૫-૮-૧૩ને સોમવારના રોજ 'શ્રી ભાઈકાકા ગુજરાતી ચર્ચાસભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચર્ચાસભાનો વિષયઃ 'આધુનિક વિકાસ પર્યાવરણની અસમતુલા માટે જવાબદાર છે' હતો. જેમાં સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન વિવિધ કોલેજ, સંસ્થા અને વિભાગમાંથી કુલ ૨૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જેમાં પ્રથમઃ જીગર બમ્ભ્રોલિયા, એન.વી.પાસ, દ્વિતિયઃ કૃપલ ડી. ક્રિશ્ચિયન, અનુ. ગુજરાતી વિભાગ અને તૃતિયઃ અર્પિતા ટી. પટેલ, શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોર્સ જાહેર થયા હતા.

નિર્ણાયક તરીકે અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક શ્રી સુરેશભાઇ મકવાણા તથા અનુસ્નાતક હિન્દી વિભાગના પ્રાધ્યાપિકા સીમા રાઠોડે સેવાઓ આપી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ અને સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે વિશ્વવસ્તી દિવસ ઉજવણીના સંદર્ભમાં શું વસ્તીવધારો જટીલ સમસ્યા છે ? 'હા' કે 'ના' વિષય પર આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ ગઇ.

એસ.પી. યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક વિભાગના કુલ ૪૫ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કન્વીનર ડૉ. જયશ્રી દીક્ષિતે સમગ્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે વી.પી. સાયન્સ કોલેજના ડૉ નિકુંજ ભટ્ટ, એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના ડૉ. પી.સી. અમીન અને સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજના શ્રી એમ.ખાને નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

ડિબેટ સ્પર્ધામાં પ્રથમ- ચૌધરી ઋતુપર્ણો, દ્વિતીય- કરન વોરા અને તૃતીય- પંચાલ ઝીલ વિજેતા થયા હતા. ટીમ વિજેતા તરીકે ઈલસાસના ચૌધરી ઋતુપર્ણો અને કરન વોરા જાહેર થયા હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા.૨૩-૭-૨૦૧૩ મંગળવારના રોજ શ્રી ઈશ્વરભાઈ બ્રહ્મભટ્ટના વ્યાખ્યાનનું ‘ગણિત શીખો’ વ્યાખ્યાન અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતું. ગણિત શીખવાની સહેલી અને અવનવી રીતો વિશેની સમજ તાલીમાર્થીઓને આપી હતી.

- તા. ૧૭-૯-૨૦૧૩ના રોજ અનુસ્નાતક ઈતિહાસ વિભાગમાં સરદાર પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ના ઉપક્રમે એક દિવસનો વિદ્યાર્થીલક્ષી કાર્યશિબિર યોજાઈ ગયો.

ભાવનગર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પૂર્વાધ્યક્ષ અને પ્રોફેસર પી.જી. કોરાટે આ પ્રસંગે અનુસ્નાતક ઈતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ ઉપરાંત આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ પી.જી. સ્ટડીઝ અને સેરલિપ સંશોધન સંસ્થાના દરેકના ૧૦ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપક મળી ૧૪૦ શ્રોતાઓ સમક્ષ ‘સરદાર વલ્લભભાઈ પટેલ અને જાહેર જીવન’ એ વિષય ઉપર માહિતીપ્રદ અને રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના બી.કોમ (સ્વનિર્ભર) તથા એમ.કોમ. વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. અંકિતા બ્રહ્મભટ્ટે ‘વુમન એમપાવરમેન્ટઃ એન ઈન્ટીગ્રેટેડ સ્ટડી ઑફ સિલેક્ટેડ એન.જી.ઓઝ ઈન ઈન્ડિયા’ વિષય અંતર્ગત પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. ડૉ. અંકિતા બ્રહ્મભટ્ટે આ પદવી એસોસિએટ પ્રો. ડૉ. પિનાકીન આર. શેઠના માર્ગદર્શન હેઠળ પ્રાપ્ત કરેલ છે.

- સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગમાં તા. ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત જી.એચ. પટેલ કોલેજ ઑફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી સાથે સંયુક્ત પ્રવૃત્તિ હેઠળ રામનગર-મોગર સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુળમાં ભણતાં અનાથ બાળકો માટે એક ખાસ પ્રકારના ‘‘સ્લાઈડ પ્રેઝન્ટેશન પ્રોગ્રામ’’નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રોગ્રામમાં મ્યુઝિયમ વિભાગના અધ્યક્ષ અમોલ મોહિતે દ્વારા વિદ્યાર્થીઓને સ્લાઈડ-શોના માધ્યમથી મ્યુઝિયમની વિવિધલક્ષી સંગ્રહ વિશે માહિતી પૂરી પાડવામાં આવી તેમજ તે માહિતીને ઈતિહાસ અને વિજ્ઞાન જેવા વિષયો સાથે કેવી રીતે સાંકળવી તેની પણ સમજ આપવામાં આવી.

સદર પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને મ્યુઝિયમ વિભાગના પ્રદર્શન ખંડોમાં પ્રદર્શિત નમુનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિષયલક્ષી માહિતી ફલકોના માધ્યમથી તેમને ભૂસ્તરશાસ્ત્રીય સમય ધોરણ, પૃથ્વી પર જીવનની શરૂઆત અને જૈવઉત્ક્રાંતિ, પૂર્વ-ઈતિહાસકાળ, સિંધુ ખીણ સંસ્કૃતિ, ચાંપાનેર વિશ્વ ધરોહર સ્થળ, અજંતા-ઈલોરાની ગુફાઓ વગેરેનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં આણંદ સ્વામિનારાયણ ગુરૂકુળના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ જી.એચ. પટેલ કોલેજ ઑફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજીના શિક્ષકો મળીને આશરે ૧૨૦ જણે ભાગ લીધો હતો.

- વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગ દ્વારા અવારનવાર શૈક્ષણિક પ્રવૃત્તિઓ હેઠળ અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે તેમજ અન્ય મુલાકાતીઓના સમુહો માટે શૈક્ષણિક ડોક્યુમેન્ટરીનું આયોજન પણ કરવામાં આવે છે.

મ્યુઝિયમ વિભાગ ખાતે તા. ૨૬ જુલાઈ થી ૧ ઓગસ્ટ ૨૦૧૩ દરમ્યાન ‘‘ઓરીએન્ટેશન પ્રોગ્રામ’’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે મ્યુઝિયમમાં સંગ્રહિત કલાકૃતિઓ, પાષાણ યુગનું પુરાતત્ત્વશાસ્ત્ર, હસ્તપ્રતો તથા પુસ્તકોનું સંવર્ધન, માનવ જીવનમાં વૃક્ષોનું મહત્વ, કળાની દષ્ટિએ મ્યુઝિયમનું પ્રદાન વગેરે વિવિધ વિષયોને આવરી લેતાં સ્લાઈડ પ્રેઝન્ટેશન ક્યુરેટરશ્રી અમોલ મોહિતે દ્વારા રજૂ કરવામાં આવ્યા હતાં. ઉપરાંત, પ્રદર્શન ખંડોમાં પ્રદર્શિત નમૂનાઓ વિશે વિષયલક્ષી સમજ પણ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં આણંદ સ્થિત શ્રી ડી.એન. ઈન્સ્ટીટ્યૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઈન કોમર્સ અને આણંદ લૉ કોલેજ તેમજ વલ્લભ વિદ્યાનગર સ્થિત સી.વી.એમ. ફાઈન આર્ટ્સ કોલેજ, નલીની અરવિંદ આર્ટ્સ કોલેજના ઈતિહાસ તથા રાજ્યશાસ્ત્ર વિભાગ અને સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના કુલ મળીને ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

- યુનિવર્સિટી મ્યુઝિયમ દ્વારા તા. ૩૦ ઓગસ્ટ ૨૦૧૩થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૩ દરમ્યાન આણંદ ફીલાટેલીક

એસોશીએશનના સંયુક્ત ઉપક્રમે ટપાલ ટીકીટ પર આધારિત ''Freedom Fighters and Reformers of India'' ના નામે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરશ્રી ડૉ. હરીશ પાઢના હસ્તે થયું હતું.

ઓગસ્ટ મહિનો ક્રાંતિકારીઓને સમર્પિત હોય છે જેમાં ખાસ કરીને આપણા દેશના આઝાદીના લડવૈયાઓને યાદ કરવામાં આવે છે. મ્યુઝિયમ વિભાગે તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે વિશેષ રૂપે એક પ્રદર્શન આયોજીત કર્યું હતું. આ પ્રદર્શનમાં ભારતીય ટપાલ વિભાગે બહાર પાડેલી ભારતના સ્વતંત્રતા સેનાની તેમજ પ્રવર્તકોની (સમાજ સુધારકોની) ટપાલ ટીકીટો પ્રદર્શિત કરવામાં આવી હતી. આ અંગેના લખાણવાળા એક્ઝીબીટ પેજ મ્યુઝિયમ ટીમ દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યા હતાં. એ જ રીતે સર્વ અસલ ટપાલ ટીકિટો 'આણંદ ફીલાટેલીક એસોશીએશન'ની ટીમના સૌજન્યથી પ્રદર્શન માટે આપવામાં આવેલ, જેમાંની કેટલીક ટપાલ ટીકિટો મ્યુઝિયમ વિભાગને ભેટ સ્વરૂપે આપવામાં આવી.

આ પ્રદર્શનનાં ઉપલક્ષે પ્રદર્શનની યાદગીરી રૂપે વિશેષ આવરણ તરીકે ૩૦ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ 'ઇન્ડિયા પોસ્ટ' તરફથી ૧૦૦૦ની સંખ્યામાં એક 'સ્પેશ્યલ કવર' વડોદરા રીજીયનના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી બી.બી. દવેના હસ્તે બહાર પાડવામાં આવ્યું, જેના પર સ્પેશ્યલ કેન્સલેશનનો સિક્કો મારી પોસ્ટ વિભાગ દ્વારા વેચાણ/વિતરણ અર્થે સ્થળ પર મૂકવામાં આવ્યું હતું. મ્યુઝિયમ અને આણંદ ફીલાટેલીક એસોશીએશનના પ્રયત્નોના પરિણામ સ્વરૂપે આ કવર પર સરદાર પટેલ યુનિવર્સિટી તેમજ આણંદ ફીલાટેલીક એસોશીએશનના લોગો સાથે 'ઇન્ડિયા પોસ્ટ'નો લોગો છાપવાની મંજૂરી મળી હતી.

ઉપરાંત અહીં આયોજીત 'My Stamp' અંતર્ગત ઇન્ડિયા પોસ્ટ, વડોદરા સર્કલ તરફથી યોજાયેલ પ્રવૃત્તિમાં મુલાકાતીઓએ ચોક્કસ ફી ભરીને પોતાના ફોટો સાથેની ટપાલ ટીકિટોની શીટ વિશેષ પ્રિન્ટ રૂપે મેળવી. ખરેખર નિયમ મુજબ, કોઇપણ જીવીત વ્યક્તિની ટપાલ ટીકિટ બહાર પાડી શકાતી નથી, પરંતુ My Stamp દ્વારા ટપાલ વિભાગ મુલાકાતીઓને એક એવો અવસર પ્રદાન કરે છે જેમાં અસલ ટપાલ ટીકિટ સાથે જે તે વ્યક્તિનો ફોટો છપાય છે, જેને કવર પર લગાવીને વાપરી શકાય છે તથા સંગ્રહમાં પણ રાખી શકાય છે.

તદ્‌ઉપરાંત તા. ૧ સપ્ટેમ્બર તથા ૮ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ મુલાકાતીઓ માટે 'Philately-a hobby of learning'ના વિષય પર ખાસ પ્રકારના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આણંદ ફીલાટેલીક એસોશીએશનના સભ્યોએ ટપાલ ટીકિટોના સંગ્રહ તથા તેની જાળવણી અંગે સ્લાઇડ શોના માધ્યમથી માહિતી આપી હતી. આ ઉપરાંત પ્રદર્શનના દિવસો દરમ્યાન રોજ સવારે ૧૧થી ૧ તથા બપોરે ૨ થી ૪ દરમ્યાન મુલાકાતીઓને ટપાલ ટીકિટોના સંગ્રહ સાથે જોડાયેલી બાબતો અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ વર્કશોપનો મુખ્ય હેતુ લોકોમાં 'Philately' વિષયને ઉજાગર કરવાનો હતો જેથી ટપાલ ટીકિટોના સંગ્રહને એક હોબી તરીકે વિકસાવવા માટે પ્રોત્સાહન મળી શકે. શાળા-કોલેજ માટે આયોજીત આ વર્કશોપ સીરીઝમાં બે હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

- તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત, સરદાર પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, બાકરોલમાં 'શ્રેષ્ઠ-સૂક્ષ્મપાઠ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કોલેજના અધ્યાપક કિરીટભાઇ ચૌહાણ અને અધ્યાપિકા ભાવનાબેન ભાવસારે સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને મીર મહંમદ તનવીર, દ્વિતીય સ્થાને પટેલ જીજ્ઞેશ અને મહિડા રવીન્દ્ર ત્યારબાદ તૃતીય સ્થાને રાજ વસીમખાન અને સોલંકી મનોજ વિજેતા ઘોષિત થયા હતા. સ્પર્ધામાં ભાગ લીધેલ અને વિજેતા બનેલ પ્રશિક્ષણાર્થીઓને આચાર્યશ્રી ડૉ. રાજેશભાઇ ભટ્ટે શુભેચ્છા પાઠવી હતી.

- સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ ટીચર એજ્યુકેશન (સી.ટી.ઇ.)ની મુલાકાતે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી નિયુક્ત જોઇન્ટ રીવ્યુ મીશન ટીમ શિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રે થયેલા કાર્યોની રૂબરૂ તપાસ માટે તા. ૧૭-૯-૨૦૧૩, મંગળવારે આવેલ. સદર ટીમમાં પ્રો. (ડૉ.) કે. દોરાઇસ્વામી, પ્રો. (ડૉ.) શ્રીમતી એસ.પી. પટનાયક તથા પ્રો. (ડૉ.) જી.સી. ઉપાધ્યાય સમીક્ષા અધિકારીઓ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગરથી પ્રોજેક્ટ ઓફીસરશ્રી એચ.એન. ચાવડા, શ્રી હરિશ ચૌધરી, શ્રી સંજય ત્રિવેદી તથા આણંદ-વલાસણ ડાયેટના પ્રિ. ડૉ. હિતેશ દવે રીવ્યુમીશન ટીમ સાથે જોડાયા હતા. આ પ્રસંગે સી.ટી.ઇ.ના ડાયરેક્ટર પ્રિ.(ડૉ.) નાથુભાઇ પટેલે અત્રેની સી.ટી.ઇ. દ્વારા થતા આણંદ, ખેડા તથા પંચમહાલ જિલ્લાના શિક્ષકોના તાલીમી કાર્યક્રમો, સંશોધન પ્રોજેક્ટો, જી.સી.ઇ.આર.ટી. તરફથી નિતિવિષયક અને સરકારી નિયમાધિન મળતા અનુદાનનો શક્ય તેટલા હકારાત્મક ઉપયોગો વિશે માહિતી આપી, સૌનું સ્વાગત કરી, કોલેજ ફોર ટીચર એજ્યુકેશનના વિઝન અને મિશનની રજૂઆત કરી હતી. જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં સી.ટી.ઇ. અંતર્ગત થયેલા કાર્યક્રમોનું ડૉ. દિપાલી મહીડાએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન કર્યું હતું. આ દરમ્યાન ફેકલ્ટી મેમ્બર્સ અને ડાયરેક્ટર સાથે જે.આર.એમ. ટીમે

વિસ્તૃત પ્રશ્નોત્તરી-ચર્ચા દ્વારા વિવિધ ક્ષેત્રે-તબક્કે ઉપયોગી માર્ગદર્શન, સલાહ-સૂચનો અને સાધનો તથા ભંડોળની ઉણપ અંગે હકારાત્મક ટીપ્પણી પણ કરેલી. સમગ્ર અવલોકનો-અન્વેષણ બાદ સમગ્ર ટીમે કાર્યસંતોષ વ્યક્ત કરી પૂર્વ સેવાકાલીન તથા સેવાકાલીન શિક્ષણ દ્વારા સમાજને આદર્શ શિક્ષણમાં સહાયક થવા હાર્દિક શુભેચ્છાઓ અને ધન્યવાદ આપ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. અલકાબેન મેકવાને આભાર દર્શન કર્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ડી.જી. પટેલ, ડૉ. એન.ડી. ભરૂચા તથા અધ્યાપકોની ટીમે કર્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ સ્ટડીઝ ખાતે તા. ૭-૧૦-૨૦૧૩ના રોજ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકડાયરા માટે કચ્છથી દેવરાજભાઇ બારોટ અને નરૂભાઇ બારોટ પધાર્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદના વિમેન્સ સેલ દ્વારા ‘એનોરેક્સીયા નર્વોસા’ વિષય પર બી.એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેરામેડીકલ એન્ડ સાયન્સના માનદ્ મેડીકલ ડાયરેક્ટર ડૉ. રમણભાઇ પટેલનું વ્યાખ્યાન યોજાયું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કોલેજ, આણંદ દ્વારા તા. ૨૪-૮-૨૦૧૩, શનિવારના રોજ સંસ્થાના સ્વર્ણિમ વર્ષની ઉજવણીના ઉપક્રમે સપ્તધારા કાર્યક્રમ સંલગ્ન જ્ઞાનધારા અંતર્ગત બી.બી.એ.,એલએલ.બી તથા બી.એ.એલએલ.બી.ના વિદ્યાર્થીઓ માટે ‘‘શ્રી કૃષ્ણઃ મેનેજમેન્ટ ગુરૂ’’ વિષય પર વ્યાખ્યાન તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ભાગરૂપે Temperament Test Analysisનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડૉ. મુકેશ દલાલ (Consultant, Psychologist, Baroda) હતા. એમણે શ્રી કૃષ્ણના જીવન અને કવનને Management and Administrationના ક્ષેત્ર સાથે સાંકળ્યું હતું, તથા Crisis Management, Emotional Intelligence, Stake holders' Wealth Maximisation, Economic Development જેવા વિવિધ વિષયો પર શ્રી કૃષ્ણલીલાનું ગૂઢ રહસ્ય સમજાવ્યું હતું.

કાર્યક્રમના દ્વિતીય ચરણમાં વિદ્યાર્થીઓને તેમના Personality development & Soft skills enhancementના ભાગરૂપે Temperament Test દ્વારા સ્વયંનું SWOT analysis કરી જીવનમાં સાચા અર્થમાં સફળ બનવાનું માર્ગદર્શન આપ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૮-૮-૨૦૧૩ના ગુરૂવારના રોજ ઇનર વ્હીલ ક્લબ, સી.ડબલ્યુ.ડી.સી. તથા સામુદાયિક વિકાસ ધારાના ઉપક્રમે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે ડૉ. નિખિલ ખારોડનું શૈક્ષણિક પ્રવચન યોજવામાં આવ્યું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૫-૮-૨૦૧૩, સોમવારના રોજ જ્ઞાનધારાના ઉપક્રમે ઓર્ગન ડોનેશન ડેના સંદર્ભમાં મહેમાન ડૉ. અંશુલ શાહનું શૈક્ષણિક પ્રવચન યોજાયું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૫-૮-૨૦૧૩, સોમવારના રોજ સી.ડબલ્યુ.ડી.સી. એન્ટી રેગીંગ તથા જ્ઞાનધારાના ઉપક્રમે ડૉ. આમ્રપાલી મર્ચન્ટનું શૈક્ષણિક પ્રવચન યોજાયું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં ‘આણંદ જિલ્લા પોલિસ’ રચિત ‘સુરક્ષા સેતુ સોસાયટી’ અંતર્ગત કોલેજના વિમેન્સ સેલ દ્વારા વાડો કાઇ કરાટે-ડે એકેડેમીના સહયોગથી કોલેજની બહેનો માટે નિઃશુલ્ક સેલ્ફ ડિફેન્સ તાલીમ શિબિર યોજાઇ હતી. આણંદ ટાઉન પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પી.કે. દિયોરાના મુખ્ય મહેમાન પદે તથા સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત મંત્રી શ્રીમતી મૃદુલાબેન પટેલના અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદની વિદ્યાર્થીનીઓએ આણંદ જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા આયોજિત આણંદ જિલ્લા મહિલા બેડ-મિન્ટન સ્પર્ધા સ્વામીનારાયણ વિદ્યાપીઠ, કરમસદ મુકામે યોજાઇ હતી, તેમાં ભાગ લઇ જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો અને તેમાં (૧) પટેલ હિરલ (૨) સાલેહાખાન (૩) મેણાત હેતલ (૪) ગોસ્વામી શિવાંગીની અને (૫) લોખંડે શીતલ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા. રાજ્યકક્ષાની સ્પર્ધા તા. ૨-૯-૨૦૧૩થી તા. ૪-૯-૨૦૧૩ સુધી ફર્ટીલાઇઝર, વડોદરા મુકામે યોજાઇ હતી. ત્યાં પણ આ વિદ્યાર્થીઓએ ક્વાર્ટર ફાઇનલ સુધી પહોંચીને સુંદર દેખાવ કરી કોલેજ, ટ્રસ્ટ અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ દ્વારા ઇન્ટર ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કોલેજના વિવિધ વિભાગમાંથી ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે ફાઇનલમાં એસ.વાય.બી.બી.એ.ના સંજય પ્રસાદ અને પી.જી.ડી.સી.એ.ના વિદ્યાર્થી દિશેન પી. પટેલ રનર્સ અપ થયા હતા.

● સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ની ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિવિધ સંસ્થાઓમાંથી કુલ ૧૭ કોલેજની ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ અનુક્રમે પ્રથમ રાઉન્ડ, બીજો રાઉન્ડ-શિવમ ઈન્સ્ટિટ્યૂટ, વલાસણ, ત્રીજો રાઉન્ડ- પી.એમ. પટેલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સામે સુંદર દેખાવ કરી સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઇનલમાં પણ પી.જી. ડીપાર્ટમેન્ટ સામે કોલેજે સુંદર દેખાવ કરી ચેમ્પિયન બન્યા હતા.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત કોમર્સ કોલેજમાં ગણેશોત્સવના ભાગરૂપે નડીઆદના શ્રી માર્કંડભાઇ પંડ્યાનું 'ગણેશજી પૂર્ણ બ્રહ્મ' વિષય પર વ્યાખ્યાન યોજાયું.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૩જી ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) હરીશ પાઢના અધ્યક્ષસ્થાને સ્વ. દોલતસિંહ પરમાર સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું ૧૪મું વ્યાખ્યાન યોજાઇ ગયું. વ્યાખ્યાનના મુખ્ય વક્તા તરીકે પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજના કમ્યુનિટી મેડીસીન વિભાગના પ્રો. (ડૉ.) વાસુદેવભાઇ રાવલે 'સા વિદ્યા યા વિમુક્તયે' વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું.

સદર સ્મૃતિ વ્યાખ્યાનના વક્તા પ્રો. (ડૉ.) વાસુદેવભાઇ રાવલે 'મુક્તિ અપાવે તે વિદ્યા' વિષય પર અનેક દૃષ્ટિકોણથી પ્રકૃતિ અને માનવીના એકાત્મથી વિદ્યા શું છે ? શા માટે વિદ્યા મેળવવી આવશ્યક છે ? વિદ્યાર્થી શિક્ષણ તરફની ઓળખ કઇ રીતે કરી શકાય તેની સમજ પાંચ તત્ત્વોઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશની માર્મિક વ્યાખ્યાઓ રચીને વૈજ્ઞાનિક તથ્યો પ્રસ્થાપિત કરતાં દૃષ્ટાંતોથી સમજાવવા પ્રયાસ કર્યો હતો. ડૉ. રાવલે તેમના વક્તવ્યમાં કેટલાક મનોવૈજ્ઞાનિક અને ફિલોસોફી પર આધારિત અવતરણો ટાંકી જણાવ્યું હતું કે, પ્રકૃતિ અને સંસ્કૃતિ બંનેનો સમન્વય કરી જ્ઞાન-વિજ્ઞાન પ્રત્યેની ઝંખના જગાડે તે વિદ્યાનો સાચો સાધક ગણાય.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૪-૯-૨૦૧૩ના રોજ ભાઈકાકા અધ્યયન એકમ પ્રકલ્પ, સરદાર પટેલ યુનિવર્સિટી ઉપક્રમે તજજ્ઞીય વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ચારૂતર વિદ્યામંડળના માનદ સેક્રેટરી શ્રી પ્રિ. એસ.એમ. પટેલ તથા અધ્યક્ષ તરીકે ગણિતશાસ્ત્ર વિભાગના પૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ પ્રો. (ડૉ.) એમ.એચ. વસાવડા ઉપસ્થિત હતા.

કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી એસ.એમ. પટેલે પોતાના વક્તવ્ય ''ભાઈકાકાની સ્વપ્નસિદ્ધિઃ વલ્લભ વિદ્યાનગર'' વિષય અંતર્ગત વિદ્યાનગરની સ્થાપના અને વિકાસમાં પૂજ્ય ભાઈકાકાની ભૂમિકાનું શબ્દચિત્ર રજૂ કર્યું હતું. 'માત્ર જીવવું' અને 'જીવી જાણવું' જેવી પરિભાષાઓના તફાવત દ્વારા તેમણે પૂ. ભાઇકાકાની વિચક્ષણ પ્રતિભાના વિવિધ આયામો રજૂ કર્યા હતા. સ્વપ્નદૃષ્ટા તરીકે પૂ. ભાઇકાકાએ વિચારપૂર્વક આદરેલા કાર્યો, પડકારોનો સામનો, કદાપિ હતાશ ન થવાના તેમના વલણ પાછળના તેમના ધ્યેયને સઉદાહરણ સ્પષ્ટ કર્યાં હતાં. શ્રી એસ.એમ. પટેલે પોતાની આગવી વક્તવ્ય શૈલી દ્વારા પૂ. ભાઇકાકાની ફરજનિષ્ઠા, સમાજનિષ્ઠા, આંતરિક ગુણ સમૃદ્ધિ, હિંમત, કરકસર, દૂરંદેશી દૃષ્ટિ, વ્યવહારુતા જેવા ગુણોને આલેખતા પ્રસંગો વર્ણવી પ્રવર્તમાન સમયની જરૂરિયાત સાથે તેનું જોડાણ બખૂબી કરી બતાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમણે સરદાર વલ્લભભાઇ પટેલ અને પૂ. ભાઈલાલભાઈના પ્રદાનને વિદ્યાનગરના નિર્માણમાં વણી લીધા હતા.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં ડૉ. કે.એમ. શાહ મેમોરીયલ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ પ્રો. જે. એચ. પંચોલીનું શિક્ષક-પ્રશિક્ષણાર્થી અંગે તજ્જ્ઞીય વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ સ્ટડીઝ ખાતે સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં સ્નાતક અને અનુસ્નાતકના ત્રીજા અને પાંચમાં સત્રના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે જાણીતા કાર્ડીઆક સર્જન મહાગુજરાત હોસ્પિટલ, નડીયાદના ડૉ. અનિલ ઝાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓએ 'યુથ રેનેસાં' પર અને ધર્મ-વિજ્ઞાન વચ્ચેનો સંબંધ જણાવી યુવા વર્ગને માહિતી આપી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ સ્ટડીઝ ખાતે તા. ૧૫ જુલાઈનાં રોજ બી.કોમ., બીબીએ, બીબીએ-આઇએસએમ, એમ.કોમ. તથા એમ.ઇ.બીઝ. પ્રથમ સત્રના વિદ્યાર્થીઓ માટે 'અભિમુખતા' કાર્યક્રમ યોજવામાં આવ્યો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૧૦-૮-૨૦૧૩ના શનિવારના રોજ ગ્રંથાલય અને જ્ઞાનધારા અંતર્ગત 'લાયબ્રેરી ડે'ની ઉજવણી કરવામાં આવી હતી.

● તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, બાકરોલમાં તા. ૧૩-૮-૨૦૧૩ને મંગળવારના રોજ 'રક્ષાબંધન પર્વ'ની ઉજવણી કરવામાં આવી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં જ્ઞાનધારા અંતર્ગત યોજાયેલ જી.કે. ક્વીઝ સ્પર્ધા યોજવામાં આવેલ હતી. જેનો વિષય ગુજરાત રાજ્ય રાખવામાં આવેલ હતો અને આ સ્પર્ધામાં કુલ ૨૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં જ્ઞાનધારા અંતર્ગત 'લાયબ્રેરી અ સોર્સ ઑફ નોલેજ' થીમ પર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ વર્કમાં બી.એસ.ડબલ્યુ. વિભાગમાં રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)યુનિટના આશ્રયે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત કોમર્સ-બી.સી.એ.-બી.બી.એ. કોલેજમાં જન્માષ્ટમી પૂર્વે પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત કોમર્સ કોલેજમાં પ્રમુખશ્રી રાજેશભાઇ પટેલની અધ્યક્ષતામાં સુરત સ્થિત શિવ ઉપાસક ડૉ. મુરલીભાઇ ત્રિવેદીનું વિદ્યાર્થીઓ માટે શિવ મહિમા પર ધાર્મિક પ્રવચન યોજાયું.

● એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન (સી.ટી.ઇ.), વલ્લભ વિદ્યાનગર ખાતે દર વર્ષે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. શાળામાં અભ્યાસ કરતાં ધો. ૭થી ૧૨ વચ્ચેના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમમાં કેટલીક સ્પર્ધાઓ પ્રાચાર્ય ડૉ. એન.આર. પટેલના માર્ગદર્શન અનુસાર ગોઠવવામાં આવે છે.

પ્રાધ્યાપક એ.આર. રાવ ફાઉન્ડેશન, ગુજરાત ગણિત મંડળના આશ્રયે પ્રો. એ.આર. રાવ ભૂમિતિ સ્પર્ધા ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે ઓપન બુક ટેસ્ટ-જેમાં કોઈપણ સાહિત્ય સાથે વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહી ભાગ લે છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા તા. ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના સવારે ૧૦.૦૦થી ૧૨.૩૦ દરમિયાન યોજાઇ હતી. વિદ્યાર્થી-શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી 'શાળા ભૂમિતિ પ્રશ્ન સંગ્રહ' હસ્તલિખિત તૈયાર કરવામાં આવેલ. તેમાં પ્રશ્નપત્રમાં પૂછી શકાય તેવા પ્રશ્નોનો ઉકેલ સહીત રજૂઆત કરવામાં આવી હતી. તેના સમગ્ર ગુજરાત ખાતેના કન્વીનર તરીકે નિવૃત્ત પ્રો. ડૉ. મહાવીર વસાવડા આયોજનમાં માર્ગદર્શન પૂરું પાડે છે.

શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત તથા સુગણિતમ્ ટ્રસ્ટ અને ગુજરાત ગણિત મંડળ સંચાલિત રામાનુજન ગણિત પ્રતિભા શોધ સ્પર્ધા માધ્યમિક વિભાગ માટે અને પ્રાદેશિક ગણિત સ્પર્ધા-રીજીયોનલ મેથ્સ ઓલમ્પિયાડની પરીક્ષા ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે યોજાય છે. આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અનુક્રમે રવિવાર, ૬ ઓક્ટોબરે તથા રવિવાર, ૧ ડિસેમ્બરે યોજાઇ હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર અને વધુ ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરનારને આગળ ઇન્ડિયન નેશનલ મેથેમેટિક્સ ઓલમ્પિયાડમાં ભાગ લેવા ફેબ્રુઆરી ૨૦૧૪માં મોકલવામાં આવશે. તેમજ વધુ સઘન તાલીમ કેમ્પ બાદ આંતરરાષ્ટ્રીય ગણિત સ્પર્ધા માટે પણ મોકલવામાં આવનાર છે.

ઉપરોક્ત ત્રણેય ગણિતની સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન તથા સંચાલન એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના એસોસિયેટ પ્રોફેસર ડૉ. ભરતકુમાર એન. પંડ્યાએ કર્યું હતું. સંસ્થાના અન્ય કર્મચારીગણના સાથ સહકાર અને આચાર્ય ડૉ. એન.આર. પટેલના માર્ગદર્શન હેઠળ ચાલતા આવા કાર્યક્રમો ગણિત પ્રતિભાવોની શોધ કરવા તથા ભવિષ્યની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રેરણારૂપ સાબિત થાય છે.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજ્ય સુવર્ણજયંતિ અને સપ્તધારા પૈકી રંગોળી સ્પર્ધા અંતર્ગત કોમર્સ અને મેનેજમેન્ટના વિદ્યાર્થી ભાઇ-બહેનોમાં કલા-કૌશલ્ય પ્રત્યે ધાર્મિક તેમજ રંગોનું જીવનમાં મહત્વ સમજાવવાના આશયથી રંગોળી સ્પર્ધાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

● ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં તા. ૧૩-૮-૨૦૧૩ના રોજ દેશભક્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ દેશભક્તિગીતો દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. કુલ ૭૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાંથી ૮ વિદ્યાર્થીઓએ સોલો અને ૮ વિદ્યાર્થીઓએ ગ્રુપ સોંગ માટે પસંદ પામ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે મી. ઉર્મિલ દેસાઇ, ડૉ. મહેશ સ્ટેલીન ખ્રીસ્તી અને ડૉ. આશીષ સંતે સેવા આપી હતી.

● સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગમાં તા. ૧૪મી ઓગસ્ટ ૨૦૧૩ના રોજ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત સમારંભ સ્ટુડન્ટ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૬-૮-૨૦૧૩ના મંગળવારના રોજ સી.ડબલ્યુ.ડી.સી., કલાકૌશલ્ય તથા સર્જનાત્મક ધારા હેઠળ રાખી મેકિંગ વર્કશોપનું આયોજન કરાયું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજમાં ચૂંટણીઅંગેનો ગરબો તૈયાર કરાયો. કોલેજના એન.એસ.એસ.ના ઉપક્રમે યુવા મતદાર મહોત્સવ-૨૦૧૩ અંતર્ગત કોલેજની ઉત્સાહી વિદ્યાર્થીનીઓ રોઝી મેકવાન (ટી.વાય.બી.કોમ.) ઉર્મિલા ચાવડા (ટી.વાય.બી.કોમ.) કાજલ (એફ.વાય.બી.કોમ.) જાગૃતિ (એફ.વાય.બી.કોમ.) તારા (એસ.વાય.બી.કોમ.) ઉર્વશી (એસ.વાય.બી.કોમ.) દ્વારા ચૂંટણીનો રંગ મને લાગ્યો જુવાનિયા, કોણ કોણ વોટ કરવા જશે રે લોલ જેવો ગરબો તૈયાર કરવામાં આવ્યો હતો ગરબો લખનાર ઉર્મિલા ચાવડા હતા જ્યારે ગરબાને મ્યુઝિક વિડિયોમાં સ્વપ્નીલભાઇના ઓરકેસ્ટ્રા દ્વારા સૂર આપવાનું જાગૃતિ, તારા, કાજલે સુંદર અવાજમાં રેકર્ડ કરી એમ.પી.થ્રીમાં સી.ડી. તૈયાર કરી કલેક્ટરશ્રીને સુપ્રત કરાઇ હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજમાં બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ.કોમ. વિભાગમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષકદિન નિમિત્તે બેસ્ટ શિક્ષક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં બી.કોમ. (સ્વનિર્ભર) વિભાગમાં પ્રથમક્રમે શીતલ લોખંડે, વિશ્વદીપ દ્વિતીય ક્રમે તથા નિકિતા દેવનાની તૃતીય ક્રમે રહ્યા હતા. જ્યારે સાવન ભટ્ટ, શીફા વ્હોરા અને ફરહીના દિવાને આશ્વાસન ઇનામો પ્રાપ્ત કર્યા હતાં. જ્યારે એમ.કોમ. વિભાગમાં શબીહા વ્હોરા પ્રથમક્રમે, અલ્ઝીરા પરમાર દ્વિતીય ક્રમે, તથા નિલમ હીંગુ તૃતીય ક્રમે આવ્યા હતા. તેમજ દર્શન દરજી, હિરેન શાહ અને બિલાલ વ્હોરાએ આશ્વાસન ઇનામો પ્રાપ્ત કર્યા હતાં.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદગીરીમાં ‘‘શિક્ષક દિન’’નું આયોજન કરવામાં આવ્યું હતું. ૫મી સપ્ટેમ્બરના દિવસે આ ઉજવણીમાં કોલેજના વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે રોલ ભજવવાનો હતો. કુલ ૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૩૮ વિદ્યાર્થીનીઓએ પ્રાધ્યાપિકા તરીકેની ભૂમિકા બજાવી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૩૧-૭-૨૦૧૩ના રોજ લાયબ્રેરી ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૩૧-૭-૨૦૧૩ના બુધવારના રોજ હિન્દી સાહિત્ય મંડળ તથા જ્ઞાનધારાના ઉપક્રમે પ્રેમચંદ જન્મ જયંતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આણંદના રાજેશભાઇ પટેલની ઉદાર સખાવતથી તેમના પિતાશ્રી સ્વ. બાબુભાઇ ખુશાલભાઇ પટેલની સ્મૃતિમાં હિન્દી વિષયની બહેનો માટે કવિ પ્રેમચંદ મુનશી વિશે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રથમ નંબર મેળવનાર પ્રજાપતિ દીપ્તિ, બીજા નંબર મેળવનાર ગોહિલ કામિની અને ત્રીજા નંબરે આવનાર શર્મા ધરતી અને પટેલ સીમા બહેનોને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

● સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં (Group Discussion) જૂથ ચર્ચા તા. ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ યોજવામાં આવ્યું હતું. ચર્ચાનો વિષય હતો ‘‘સોશ્યલ નેટવર્કીંગ ના દૂષણો’’ વિષયના અલગ-અલગ પાસાઓની ચર્ચા ભાગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કુલ ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જેમાંથી (BCA Sem-I)ના વિદ્યાર્થી તુષારદીપ સીંઘ (પ્રથમ), (BBA ITM Sem-V)ના વિદ્યાર્થી કેલ્વીન જ્યોર્જ દ્વિતીય (BBA Gen. Sem-V)નો વિદ્યાર્થી હિતેન શાહ તેમજ (B.Com Gen. Sem-III)ની વિદ્યાર્થીની વીધી કારીયા (તૃતીય) સ્થાને વિજેતા રહ્યાં. (B.Com SF Sem-V)ની વિદ્યાર્થીની શીતલ લોખંડે, (BBA Gen. Sem-I)ની વિદ્યાર્થીની ફરહીન વોહરા તેમજ (BBA Gen. Sem-III)નાં વિદ્યાર્થી ભૌમિક શાહ આશ્વાસન ઇનામના વિજેતા રહ્યાં.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં ઉદિશા ક્લબ, જ્ઞાનધારા તથા જેસીઆઇ મિલ્ક-સીટીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. એનો વિષય હતો ‘‘વ્યક્તિત્વ વિકાસ’’. મુખ્ય વક્તા તરીકે જેસી ડૉ. નીરજ મોદી, જેસી ડૉ. મનીષભાઇ પટેલ (પ્રમુખ) જેસી ડૉ. રાજેશભાઇ જોષી (ચેરમેન) જેસી કેતનભાઇ ગોહિલ (પ્રો. ચેરમેન) જેસી મુકેશ જેઠવા તથા અન્ય જેસી ભાઇઓએ હાજરી આપી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં શૈક્ષણિક પ્રવચન શ્રેણીના તથા જ્ઞાનધારાના ઉપક્રમે તા. ૧૬-૯-૨૦૧૩થી ૧૮-૯-૨૦૧૩ના રોજ ફેકલ્ટી એક્સચેન્જ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.

પેપર-નં.૧માં ડૉ. અલ્કા મેકવાને (એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન) કેળવણી અને તત્ત્વજ્ઞાનનો સંબંધ વિષય પર

પોતાના વિચારો રજૂ કર્યા હતાં. પેપર-નં. ૨માં ડૉ. કમલનયન પરમારે (આર.પી. અનડા શિક્ષણ મહાવિદ્યાલય, બોરસદ) વ્યક્તિત્વ અને તેના પ્રકારોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. પેપર-નં. ૩માં પ્રા. જયકર મેકવાને (એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન) એન.સી.ટી.ઇ., તેના હેતુઓ, કાર્યો વિશેની ઝાંખી કરાવી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં સામુદાયિક વિકાસ ધારા અને શ્રી આર.કે. એસ.એમ.ની હીરક જયંતી પ્રસંગે તા. ૧૬-૯-૨૦૧૩ના સોમવારના રોજ શ્રી સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૭-૯-૨૦૧૩ના શનિવારના રોજ ગણેશવંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૨૭-૮-૨૦૧૩ના મંગળવારના રોજ સામાજિક વિજ્ઞાન ક્લબ, ગીત-સંગીત અને નાટ્ય ધારા હેઠળ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા.૨૬-૮-૨૦૧૩ના સોમવારના રોજ સી.ડબલ્યુ.ડી.સી. અને કલા કૌશલ્ય ધારા હેઠળ ફરાળી વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં સર્જનાત્મક ધારા, કલા કૌશલ્ય અને સહઅભ્યાસ પ્રવૃત્તિના નેજા હેઠળ ટીચર્સ કાર્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં જ્ઞાનધારા હેઠળ તા. ૫-૯-૨૦૧૩ના ગુરૂવારના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. આ દિવસે પ્રો. અજીતભાઇ ઠાકોરે વિશેષ વક્તવ્ય આપ્યું હતું. એમાં એમણે જણાવ્યું કે આજનો દિવસ એ શિક્ષણ દિવસ, શિક્ષકને ઓળખવાનો દિવસ, તેને વિકસાવવાનો સંકલ્પ કરવાનો દિવસ. ગ્રંથ સાહેબના ગ્રંથ સુધી પહોંચવાનો સેતુ હોય તો તે વાંચન છે.

● ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તા. ૫ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ શિક્ષક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ભારતમાં શિક્ષક દિન ઉજવવામાં આવે છે. સેમકોમ કોલેજ ખાતે ૫૦ વિદ્યાર્થીઓએ એફવાયથી લઇને પીજી સુધીનું શૈક્ષણિક કાર્ય જુદા જુદા વિષયોમાં કર્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદના વિદ્યાર્થી કેલ્વિન થોમસ જ્યોર્જ ૨૪મી સપ્ટેમ્બરની એન.એસ.એસ.ની ઊજવણી પ્રસંગે રાજ્યકક્ષાનાં એન.એસ.એસ.ના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પૈકી 'પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન' અને 'કાવ્ય પઠન' બંને સ્પર્ધાઓમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

● ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તા. ૨૧-૯-૨૦૧૩ના રોજ સમર ટ્રેઇનિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટ્રેઈનીંગ સ્પર્ધાનું આયોજન એ સેમકોમ કોલેજનો વધુ એક નવતર અભિગમ છે. જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૩ના સમર વેકેશન દરમ્યાન જે તે ઇન્ડસ્ટ્રીમાં ટ્રેઈનીંગ લીધી હોય તેઓએ તેનો રીપોર્ટ કોલેજમાં આપવાનો હોય છે. તેમાંથી બેસ્ટ રીપોર્ટ ફાઇનલ સ્પર્ધા દ્વારા પસંદ કરાય છે. આ સ્પર્ધામાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સમર ટ્રેઈનીંગ માટે નોંધણી કરી હતી તેમાંથી ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક ટ્રેઈનીંગ લીધી હતી. આમાંથી ૨૨ રીપોર્ટ ફાઇનલ સ્પર્ધા માટે પસંદ થવા પામ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એફ.એચ. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફરમેશન ટેકનોલોજી, આણંદમાં શિક્ષકદિનની ઉજવણી થઇ હતી. એમાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે ભૂમિકા નિભાવી હતી.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત કોમર્સ બી.બી.એ. અને બી.સી.એ. કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રારંભમાં કેમ્પસ ડાયરેક્ટર ડૉ. વી.એમ. પટેલે શિક્ષક-શિક્ષણ-જ્ઞાન પ્રદાન જેવા વિવિધ પાસાઓની રસ સભર સમજુતી આપી માર્ક ટ્વેઈનના વિચારો રજૂ કરી આદર્શ શિક્ષકના મુખ્ય ગુણો સમજાવી યુવાવર્ગને ભાવિ આદર્શ અધ્યાપક બનવા અનુરોધ કર્યો હતો. ડૉ. પટેલે વધુમાં જણાવ્યું હતું કે કેળવણી એટલે સંસ્કાર ઘડતર, માનવીમાં રહેલી આંતરશક્તિને ઉજાગર કરે તે શિક્ષક અને તેવા શિક્ષક બનો તેવી શીખ આપી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૧૪-૯-૨૦૧૩ને શનિવારના રોજ હિન્દી ભાષા સાહિત્ય મંડળ, સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા તથા જેસીઆઇ મિલ્કસીટીના સંયુક્ત ઉપક્રમે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે તાલીમાર્થી દીપ્તિ પ્રજાપતિએ રાષ્ટ્રભાષાનું મહત્ત્વ વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા તથા તાલીમાર્થી મયુરીએ હિન્દી ભારત કી બોલી કાવ્યનું પઠન કર્યું હતું.

આ દિવસની ઉજવણી નિમિત્તે તાલીમાર્થીઓ માટે સ્વરચિત કાવ્ય લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે શાહ પાયલ, બીજા નંબરે પરમાર સારીકા તથા તૃતીય નંબરે ક્રિસ્તી સ્નેહા વિજેતા બન્યા હતા. જેમાં નિર્ણાયક તરીકે આણંદ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સના ઇન્ચાર્જ આચાર્યા ડૉ. અનુ મહેતાએ સેવા આપી હતી.

સાથે તાલીમાર્થીઓ માટે સૂક્તિ લેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પ્રજાપતિ દીપ્તિ, બીજા ક્રમે સારીકા પરમાર તથા તૃતીય ક્રમે સંધ્યા ગામિત વિજેતા બન્યા હતા. જેમાં નિર્ણાયક તરીકે સંસ્થાના પ્રાધ્યાપક ડૉ. ધીરજભાઇ તથા ડૉ. પિનાકિન ભાઇએ સેવા આપી હતી. વિજેતા સર્વે બહેનોને કોલેજ તરફથી પ્રમાણપત્ર તથા જેસીઆઇ મિલ્કસીટી દ્વારા શિલ્ડ આપી સન્માનવામાં આવ્યા હતા.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી (સ્થા. વર્ષ : ૧૯૧૬), આણંદ, સંચાલિત શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરી ખાતે (વર્ષઃ ૨૦૧૩-૧૪ના નવા આગંતુક પ્રશિક્ષણાર્થીઓ માટે) અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એફ.એચ. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફરમેશન ટેકનોલોજી, આણંદમાં અભિમુખતા અને ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એફ.એચ. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફરમેશન ટેકનોલોજી, આણંદમાં તા. ૧૫-૭-૨૦૧૩ ને સોમવારના રોજ સમધારા અંતર્ગત ગાયત્રી પરિવાર, જનકલ્યાણ ટ્રસ્ટ, આણંદ તથા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, હરિદ્વારના સભ્યો દ્વારા ‘‘યુવા જાગૃતિ’’-"Youth Awareness" પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

● તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ, સંચાલિત **સરદાર પટેલ કોલેજ** ઑફ એજ્યુકેશન, બાકરોલમાં પ્રશિક્ષણાર્થીઓ માટે ‘‘કાર્ડ મેકિંગ સ્પર્ધા’’નું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ દ્વારા ‘‘ભારત દર્શન : ઓળખો ભારતના ઐતિહાસિક સ્થળ’’ ક્વીઝનું આયોજન થયું હતું.

